# <u>રાજકોટ ના મહે.૦૯ માં અધીક જયુડી.મેંજી.ફ.ક.સાહેબ ની કોર્ટમાં</u>

ફોજદારી કેસ નં. ૮૩૫૭/૨૦૨૪
આંક–૧૪

શ્રી સરકાર ...ફરીયાદી

વિરુધ્ધ

પાર્થ મુકેશભાઇ માંડલીયા

... આરોપી

<u>ગુનો : જુગારધારા એકટની કલમ – ૧૨ મુજબ</u>

## <u>–:: ચુકાદો ::–</u>

(૧) સદર કામનુ કેસ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધુ. આરોપી સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતા અત્રેની અદાલતે આરોપી સામે સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ. આરોપીનો સમન્સ યોગ્ય રીતે બજવણી થઈ જતા આરોપી સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાજર થયેલ છે.

(૨) ઉપરોકત ગુન્હા અંગે આરોપીની પ્લી લેતા, આરોપીએ તેમનો ગુન્હો કબુલ કરી, ગુન્હા અંગે લેખિતમા કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુન્હો છે. ગુન્હા બદલ તેઓને ઘણો જ પસ્તાવો છે. કાયદાના અજ્ઞાનને લીધે અજાણતાથી આ ગુન્હો તેમનાથી થઈ ગયેલ છે, તેથી ભવિષ્યમા આવો ગુન્હો નહી બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી, છોડી મુકવા અરજ કરેલછે.

(૩) આરોપી/ઓ તરફે રજુ થયેલ ઉપરોકત ગુન્હા કબુલાત પુરસીસ સ્વૈચ્છીક હોઈ તે નોંધી પરંતુ આરોપી/ઓ ની સદરહુ કબુલાત તેમની વિરુધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીઓને આપવામા આવેલ છે તેમછતાં આરોપી રાજી ખુશીથી ગુનો કબુલ કરે છે. તેવી કોર્ટે ખાતરી કરેલ છે. આ તબકકે નામદાર ગુજરાત વડી અદાલતનો ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર, જી. એલ. આર. ૨૦૦૫ (૧) પાના નં. ૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. તેમજ સદરહું ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા નં. ૨૧માં જણાવેલ કારણો ધ્યાને લીધા. આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે તથા તેઓનો આ પ્રથમ ગુનો છે. આરોપી/ઓ ની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતી ને ધ્યાને લઈ તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ને ધ્યાને લેતા આરોપી સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઈ, આરોપી/ઓ ની આ કબુલાત હું સ્વીકારુ છુ અને આરોપી/ઓ ને તેમની સામેના ગુનામા તકસીરવાન ઠરાવુ છુ. પરંતુ આરોપી/ઓની કબુલાત તેમજ કેસની હકીકતોને ધ્યાને લેતા, આરોપી/ઓને યોગ્ય રકમનો

દંડ કરવામા આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેમ માનુ છુ. જેથી ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામા આવે છે

**-::હુ ક મ::-**

૧. આ કામના આરોપીને જુગાર ધારા કલમ -૧૨ મુજબ સી. આર. પી. સી. કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવું છું. અને આરોપીને સદર ગુના સબબ રૂ.૧૦૦/- ( અંકે રૂપીયા સો પુરા) નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવાનો હુકમ કરૂ છું. જો આરોપી દંડની રકમ ન ભરે તો દીન : ૫. ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ પાવતી મુજબનો મુદ્દામાલ ઓપ્પો કંપનીનો મોબાઈલ શ્રી સરકાર ખાલસા કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજ રોજ લોક અદાલત માં સ્પે. સિટિંગ માં તારીખ ૧૪/૦૩/૨૦૨૬ રોજ જાહેર કર્યો.

**તારીખ : ૧૪ / ૦૩ / ૨૦૨૬** **(જયશ્રી પી. ગોયલ)**

**રાજકોટ.** **૦૯ માં એડી. જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**રાજકોટ.**

**ફોજદારી દંડની રકમ રૂ.....................................**

**દંડની પહોચ નં........................... તા. ૧૪/૦૩/૨૦૨૬**

**થી વસુલ લીધી.**

**Najir**
**C. J. M. Court**
**Rajkot.**